ભારતની સુપ્રિમ કોર્ટના આદેશોના અમલીકરણ માટે પોલીસ સ્ટેશનોમાં ગુમ થયેલા બાળકોના કેસ અંગે ધ્યાન રાખવા નિયુકત પી.એલ.વી.ને, બાળકોની બાબતોની સાથે સાથે ગેરકાયદેસર વ્યાપારના વિષય અંગે રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા વિશેષ પ્રશિક્ષણ આપવું જોઈએ જેથી તે જવાબદાર બને. આ પી.એલ.વી., રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને જયાં પણ કોઈ પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર વ્યાપાર અંગે કેસ નોંધાય અથવા સેકસ વર્કરની ધરપકડ થાય છે ત્યારે તે અંગે માહિતગાર કરશે.

## સેકસ વર્કર :–

આ સમુદાયને સમજવા માટે એક પધ્ધતિ એવી પણ છે કે રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવશ્રી અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પૂર્ણસમયના સચિવશ્રી અને સમયુદાય માટે કામ કરતા નેતાઓ વચ્ચે પરિસંવાદનું આયોજન કરવું કે જેમાં આવા નેતા વિશેષ કરીને સામાજિક સુરક્ષા યોજનાઓ જેમ કે વિધવા અને વૃધ્ધાવસ્થા પેન્શન યોજનાને લાભાર્થી સુધી પહોંચવામાં આવતી મુશ્કેલીઓની વ્યાખ્યા કરી શકે તેમ હોય.

અન્ય પધ્ધતિમાં સમુદાયના સભ્ય તેઓના અનુભવ અંગે વકતવ્ય આપી શકે તે માટે પ્રયત્ન કરવો કે જેથી શાસનના તમામ સ્તરે પોતાની રજુઆત પહોંચાડી શકે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને/ અથવા પૂર્ણ સમયના સચિવ, શકય હોય તો અન્ય ન્યાયિક અધિકારી, ઉચ્ચ વહીવટી અધિકારી જેમ કે જિલ્લા કલેકટરશ્રી, મુખ્ય સચિવશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ અને સંરક્ષણ અધિકારીશ્રીઓની એક જયુરીની રચના કરવામાં આવશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા કાર્યક્રમોમાં સિનિયર વકીલશ્રીઓ અને પેનલ વકીલશ્રીઓનો પણ સમાવેશ કરવો જોઈએ.

વકતવ્ય બાદ સભ્ય સચિવશ્રી / સચિવશ્રી જે પણ હોય તે અથવા પેનલ વકીલશ્રીએ સમુદાય માટેની કાનૂની સેવા સત્તા મંડળમાં ઉપલબ્ધ કાનૂની સેવાઓ અંગે બતાવવું જોઈએ અને તેમની ફરિયાદો ફાઈલ કરવા માટે અને જયાં પણ તેમના અધિકારોનું ઉલ્લંઘન થતું હોત અથવા તેમની કોઈ કાનૂની સમસ્યા જેવી કે ઉત્તરાધિકારની હોય, તેમાં નિઃશુલ્ક કાનૂની મદદ મેળવવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. કાનૂની સેવા સત્તા મંડળ લક્ષ્ય સમૂહોને તેમના દૈનિક જીવનમાં સામનો કરનારી હિંસા અને ઉત્પીડનના નિવારણ હેતુ તેઓને સમર્થ બનાવી શકે છે. સાથી અથવા પતિ ધ્વારા હિંસાના સંજોગોમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સંરક્ષણ અધિકારીશ્રી સાથે કાનૂની સહાયતા અને કાઉન્સેલીંગની સેવાઓ પ્રદાન કરી શકે છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સમુદાયમાંથી લીધેલા પી.એલ.વી.ને રાજય કાનૂની સેવા સત્તા મંડળના માપદંડ મુજબ અધિકૃત અને પ્રશિક્ષિત કરી શકે છે. આ પી.એલ.વી. જયાં સુધી સમુદાયને સંબંધ છે ત્યાં સત્તા મંડળના મુખ્ય કાર્યકર્તાના રૂપમાં કાર્ય કરી શકે છે. સમુદાયના દરેક પ્રકારના પ્રશ્નોને વાચા આપવી અને તેઓના પ્રશ્નો જિલ્લા તથા રાજય સ્તરે હલ થાય તે માટે તમામ કોશિશ કરવાની રહેશે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે સમુદાય માટેની યોજનાઓનું મૂલ્યાંકન કરવું જોઈએ અને સરકારની વિભિન્ન કલ્યાણકારી યોજનાઓ સુધી સમુદાયની પહોંચને સુગમ બનાવવી જોઈએ.

## કોઈ વ્યકિત ટ્રાફિકીંગ અને વાણિજિયક યૌન શોષણનો ભોગ ન બને તે માટેની કાળજી :–

સરકારી કલ્યાણકારી યોજનાઓના અમલીકરણને સુનિશ્ચિત કરતા સમયે રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે એકીકૃત (ઈન્ટીગ્રેટેડ) બાળ સંરક્ષણ યોજના, વિશેષ રૂપથી ગ્રામીણ સ્તર બાળ સંરક્ષણ સમિતિઓ (વિલેજ લેવજ ચાઈલ્ડ પ્રોટેકશન કમિટી–વી.એલ.સી.પી.સી.) ની સ્થાપના અંતર્ગત પહેલાંથી ઉપલબ્ધ માળખા ઉપર ધ્યાન આપવું જોઈએ. આ સમિતિઓ પંચાયતના સભ્યો, શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતા પિતા સાથે મળીને બનાવવામાં આવશે. ગામમાં બાળકો પર ધ્યાન રાખવા માટે વી.એલ.સી.પી.સી. માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. શિક્ષકોને શાળામાંથી ગાયબ થયેલ બાળકો પર ધ્યાન રાખવા માટે સંવેદનશીલ બનાવવા જોઈએ જેથી એવા બાળકોના વિષયમાં સત્વરે અધિકારીઓને રીપોર્ટ કરે જેથી આગળની તપાસ સત્વરે કરી શકાય.

નાના બાળકો અને કિશોર બાળકીઓ માટે, આંગણવાડી અને સ્વાસ્થ્ય કર્મિઓ માટે જાગૃતિ અને સંવેદનાત્મક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરે કે ગેરહાજર રહેલ બાળકોની તપાસ કરવામાં આવે અને તરત રીપોર્ટ કરવામાં આવે.

વી.એલ.સી.પી.સી. અને આંગણવાડીમાંથી પસંદ કરાયેલા પી.એલ.વી. અને સાથે સાથે શિક્ષકોને ગેરકાયદેસર વ્યાપાર અને યૌન શોષણના મુદા અંગે ભાર આપી તેઓને વિશેષ પ્રશિક્ષિત કરવા જોઈએ. આ પી.એલ.વી.ના કાર્યો ઉપર બારીકાઈથી ધ્યાન રાખવું જોઈએ તેમજ પી.એલ.વી.ને પ્રભાવી સલાહ અને સમર્થન આપવામાં આવશે જેથી રીપોર્ટ થયેલ કોઈ ઘટના પર સંબંધિત રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે. વિદ્યાર્થી કાનૂની સાક્ષરતા કલબોને ગેરકાયદેસર વ્યાપારના મુદા અંગે લખવા માટે, વાતચીત કરવા અને વિચાર વિમર્શ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. આ કલબ યુવાવસ્થા દરમ્યાન ઉભા થતા ભયસ્થાનો સંદર્ભે અને સાવધ રહેવા અંગે મિત્રવત શિક્ષકની ભૂમિકા પણ નિભાવી શકે છે.

## પ્રબંધન સૂચના પ્રણાલી (મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ) :–

રાજય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ એક મજબૂત મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ વિકસિત કરશે જેથી આ યોજના અંતર્ગત દરેક ગતિવિધિ રેકોર્ડ કરી શકાય, આગળની કાર્યવાહી કરી શકાય અને મૂલ્યાંકન કરી શકાય. સાથે જ પી.એલ.વી. અને પેનલ વકીલશ્રી ધ્વારા પીડિતોને અપાયેલ મદદનો રેકર્ડ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પૂર્ણ સમયના સચિવશ્રી / સચિવશ્રી ધ્વારા રાખવામાં આવશે અને તેનું સમયાંતરે મૂલ્યાંકન કરવામાં આવશે. જયાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે પીડિત વ્યકિતના પુનર્વસનને સુગમ બનાવવું હોય તો ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી પીડિતનું ધ્યાન રાખવું જોઈએ જેથી તેમના પુનર્વસન બાદ તેનો પુનઃ ગેરકાયદેસર વ્યાપારમાં આવવાનો ખતરો ન રહે.

## કિન્નર (ટ્રાન્સજેન્ડર) :–

આ યોજનાની જોગવાઈ બધા કિન્નરો (ટ્રાન્સજેન્ડર્સ) પર પણ લાગુ થશે.

न्याय सब के लिए

ACCESS TO JUSTICE FOR ALL

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ

## અમદાવાદ

# નાલસા

# (ગેરકાયદેસર માનવ વ્યાપાર અને વાણિજિયક યૌન શોષણ પીડિતો માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૫ – સંક્ષિપ્ત આલેખન

## કેવળ જન જાગૃતિ અર્થે

- આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ, અમદાવાદનો સંપર્ક કરવો.

  (ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬)

  તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦

  (Website:http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

  (email: msguj.lsa@nic.in)

  (જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.

- સૂચના-સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે. (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ સ્કીમ જોવી.)

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

## યોજનાનો ઉદ્દેશ :–

યોજનાનો ઉદ્દેશ દરેક ઉંમરની મહિલાઓને સાથે રાખીને ગેરકાયદેસર વ્યાપારના દરેક સ્તર પર પીડિતોના અટકાવ, બચાવ અને પુનર્વસન અંગેના પ્રશ્નો દૂર કરવા માટે કાનૂની મદદ પુરી પાડવાનો છે. યોજનાનો મુખ્ય હેતુ આ પછાત સમૂહો માટે આર્થિક અને સામાજિક માર્ગ પ્રદાન કરવાનો છે. જેથી તેઓ પણ સામાજિક રીતે જોડાઈ શકે અને તેમને સામાજિક સંરક્ષણ પ્રાપ્ત થાય જે એક સામાન્ય નાગરિકને મળે છે. કાનૂની સેવા સત્તા મંડળે પીડિતોની મર્યાદા તથા સંરક્ષણને સુનિશ્ચિત કરવા હસ્તક્ષેપ કરવો જોઈએ જે તેમના જીવનનો પણ એટલો જ મૂળભૂત અધિકાર છે જેટલો અન્ય કોઈ નાગરિકનો જીવવાનો અધિકાર છે.

બાળકો અને વયસ્કો, જેઓને ગેરકાયદેસર વ્યાપારના ઉદ્દેશથી લાવવામાં આવ્યા છે તે સિવાય, પહેલાથી જ સ્વૈચ્છિક સેક્સ વર્કર તરીકે કામ કરતી વ્યક્તિઓ કાનૂની સેવા સત્તા મંડળની મદદથી વંચિત ન રહી જાય તે કારણે તેમને પણ વાણિજિયક યૌન શોષણનો પીડિત તરીકે માનવામાં આવેલ છે.

પી.એલ.વી., કાનૂની સેવા ક્લિનિક, ફ્રન્ટ ઓફિસ, પેનલ વકીલશ્રી અને રીટેઈનર વકીલશ્રી જેવા શબ્દોનો અર્થ તે જ રહેશે જે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (નિઃશુલ્ક અને સક્ષમ કાનૂન) વિનિમયન, ૨૦૧૦ અને રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (કાનૂની સહાયતા ક્લિનિક) વિનિમયન, ૨૦૧૧ અન્વયે પરિભાષિત છે.

## પીડિતોને કાનૂની સેવા હેતુ યોજના :–

### ઉપલબ્ધ સેવાઓ :–

- આઈ.સી.ડી.એસ. અથવા શિશુ સંભાળ વિકાસ – ૦ – ૬ વર્ષ, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવનાર માતાઓ (સારસંભાળ કરનારના રૂપમાં).
- ખાદ્ય સુરક્ષા અથવા રાશન કાર્ડ.
- વૃધ્ધ મહિલાઓ માટે સામાજિક સુરક્ષા અથવા પેન્શન
- મધ્યાહન ભોજનને સામેલ કરતી દરેક શૈક્ષણિક યોજનાઓ, સેતુ શાળા, સર્વ શિક્ષા અભિયાનની આવાસીય શાળા, કિશોર અને ખાસ છોકરીઓ માટે સામાજિક કલ્યાણ વિભાગ તરફથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષા સારુ છાત્રવૃત્તિઓ.
- આજીવિકા– એસ.સી. / એસ.ટી. / બી.સી. / લઘુમતી વર્ગ માટે માઈક્રો એન્ટરપ્રાઈઝ અને સરકાર અને પબ્લિક સેકટર અંડરટેકીંગ તરફથી મહિલા વિકાસ નિગમ માટે સી.એસ.આર. ફંડ.
- ગૃહ નિર્માણ અથવા સબસીડી માટે બાંધકામ અને શહેરી વિકાસ તથા હાઉસીંગ કોર્પોરેશન તરફથી જમીનના પટ્ટા.
- સાર્વભૌમિક અધિકારો – જનધન, આધાર, ચૂંટણી કાર્ડ, એસ.એચ.જી. સભ્યપદ.
- કાનૂની સહાયતા યોજનાઓ – કાનૂની સાક્ષરતા, પી.એલ.વી. નિઃશુલ્ક કાનૂની સહાયતા અને સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે કાનૂની સહાયતા ક્લિનિક.

## કાનૂની સેવા સત્તામંડળની ભૂમિકા :-

રાજય કાનૂની સેવા સત્તા મંડળો / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળોની સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા સંકલન બનાવી રાખવા માટે છે. તેમાં કોઈ શંકા નથી કે બધી યોજનાઓ માટે વહીવટી સંકલન જિલ્લા કલેકટર હેઠળ રહેશે, પરંતુ સંરક્ષણ માટેની જવાબદારી એસ.એલ.એસ.એ.એસ/ડી.એલ.એસ.એ.એસની દેખરેખમાં કરવામાં આવશે.

રાજય કાનૂની સેવા સત્તા મંડળો અને કાનૂની સેવા સત્તા મંડળો પણ યોજનાના ઉદ્દેશો હાંસલ કરવા કરવા માટે ક્ષેત્રમાં કામ કરતી સરકારી મશીનરી અને સમુદાય આધારિત સંગઠનો/બિનસરકારી સગઠનોને એક સાથે લાવવા કામગીરી કરશે, પરંતુ આ પ્રકારના સી.બી.ઓ./બિન સરકારી સંગઠનોને નાલસા માન્યતા મળી હોવી જોઈએ.

પીડિતોના કાનૂની, વૈધાનિક, બંધારણીય અને માનવ અધિકારોને લાગુ કરવા માટે જયાં પણ જરૂરીયાત હોય ત્યાં કાનૂની મદદ, સલાહસૂચન, સંવેદીકરણ અથવા પ્રશિક્ષણ પ્રદાન કરવા રાજય કાનૂની સેવા સત્તા મંડળો અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળોની ભૂમિકા રહેશે.

આ પૂર્વભૂમિકા ધ્યાને રાખતાં રાજય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની ભૂમિકા નીચે મુજબની હશે : બધા વિભાગો અને પીડિતો જેમ કે ગેરકાયદેસર વ્યાપારમાં લાવવામાં આવેલ મહિલાઓ, યૌન કાર્યોમાં સંલગ્ન મહિલાઓ અને ગેરકાયદેસર વ્યાપાર અને અત્યાધિક હિંસાથી પીડિત હોય તેમની વચ્ચેનું અંતર દૂર કરવું.

સહભાગીતા (ભાગીદારી) વધારવી : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા સામુદાયિક સંગઠનો, તેમના સભ્યો અને સરકારી વિભાગ– જિલ્લા અને ઉપ જિલ્લા પ્રશાસન વગેરેને સાથે લાવવા માટે 'યોજના શિક્ષા અભિયાન' નું આયોજન કરવું.

## ભાગીદારી અને માલિકીને સુગમ બનાવવી :–

સામુદાયિક બેઠકો અને શિબિરોના માધ્યમથી સામુદાયિક સંગઠનોની સાથે સહયોગ કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ જરૂરી કાર્યવાહી કરશે.

## સંવેદનાત્મક અભિગમ :–

દરેક વિભાગો અને સંસ્થાઓને આવા સમુદાય પ્રત્યે સંવેદનશીલ બનાવવા અને આ સમુદાય અંગેની ખોટી ધારણાઓને દૂર કરવા જરૂરી કાર્યવાહી.

## જવાબદારીને સુદૃઢ બનાવવી :–

મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમના માધ્યમથી અધિકાર ધરાવનારાઓની ઓળખ કરવી અને તેઓને યોજનાના લાભ અપાવવા સુધી બધી પ્રક્રિયાઓ કરવી.

## ભાગીદારી વિકસિત કરવી :–

સૌપ્રથમ સામુદાયિક સંગઠનો અને સેકસ વર્કર્સ સાથે કામ કરનાર બિન સરકારી સંગઠન અને ગેરકાયદેસર વ્યાપાર અને યૌન શોષણના પીડિતોની સાથે ભાગીદારી સુનિશ્ચિત કરવી. સમયુદાયના ઘણા બધા છુપા સભ્યો સુધી પહોંચનારી પ્રક્રિયાને સુગમ બનાવવી અને સામુદાયિક જોડાણની પ્રક્રિયાને આકાર આપવો.

વચ્ચેના સ્તર પર જિલ્લા વહીવટી તંત્ર જેમ કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિશેષ રીતે બાળ સંરક્ષણ / કલ્યાણ સમિતિઓ અને ગેરકાયદેસર માનવ વ્યાપાર નિરોધક એજન્સીઓ) અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વચ્ચે ભાગીદારી હોવી જોઈએ. આ સમુદાય અને લાભાર્થીઓ માટે જમીની સ્તર પર થનારા પ્રયાસો પર વિશેષ ધ્યાન આપશે.

ત્રીજા સ્તર પર બાળ વિભાગ, જે ગેરકાયદેસર વ્યાપારના પીડિતો માટે કેટલીયે યોજનાઓ અમલી બનાવે છે અને શેલ્ટર હોમ ચલાવે છે તે તથા ગૃહ મંત્રાલય, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અને ગ્રામીણ રોજગારી અભિયાન જે ગેરકાયદેસર માનવ વ્યાપારને અટકાવવા માટે કાર્યરત છે તે દરેકની લાભાર્થીઓને સંરક્ષણ અને સુરક્ષાને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ભાગીદારી રહેશે.

## યોજનાને લાગુ કરવા માટે કાર્યયોજના :–

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે ઉઠાવવાનું પ્રથમ પગલું તે ક્ષેત્રમાં કામ કરનાર બિન સરકારી સંગઠનો અને સમુદાય આધારિત સંગઠનો (સી.બી.ઓ.) સુધી પહોંચવાનું છે. આમ કરવા માટે રાજય કાનૂની સેવા સત્તા મંડળને યુનિસેફ અથવા યુ.એન.ઓ.ડી.સી. સાથે સંપર્ક કરવો પડશે. તેમને રાજય સ્તરના વિભાગ જેવા કે, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગ્રામીણ રોજગારી અભિયાન અને રાષ્ટ્રીય એઈડસ નિયંત્રણ સંગઠન (એન.એ.સી.ઓ.) અને રાજય તથા જિલ્લા એઈડસ નિયંત્રણ સમિતિઓ (એસ.એ.સી.એસ. અને ડી.એ.સી.એસ.) ની મદદ પણ લેવી જોઈએ. આ પ્રકારે રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગેરકાયદેસર વ્યાપારની સાથે સાથે સેકસ વર્કર્સ અંગે જાણકારી મેળવવા સમર્થ બનશે. બીજુ પગલું જુદા જુદા વિભાગોમાં રાજય અને જિલ્લા સ્તર સુધી સંકલન સ્થાપિત કરવાની સહાયતાનું રહેશે. જેથી બધા સંબંધિત વિભાગોની એક સંમિલિત અને વ્યાપક પ્રતિક્રિયા તથા ભાગીદારી થાય અને આવશ્યક આંતરક્ષેત્રીય સંયોજન, વ્યવસ્થા અને પ્રક્રિયા સ્થાપિત થાય.

## ટ્રાફિકીંગ (ગેરકાયદેસર વ્યાપાર) :–

ગેરકાયદેસર વ્યાપારના સંબંધમાં, રાજયમાં એન્ટી હયુમન ટ્રાફિકીંગ યુનિટસ અને એન.જી.ઓ./સી.બી.ઓ.ની મદદથી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે તેમની સ્થાનિક હકૂમતની અંદર અસરગ્રસ્ત ક્ષેત્રો અને અસરગ્રસ્ત લોકોને ધ્યાનમાં રાખીને યોજનાબધ્ધ રીતે કાર્ય કરવું પડશે કે જેથી ટ્રાફિકીંગને અટકાવવાની યોજનાઓને ગતિ આપવી સંભવ થઈ શકશે. તે યોજનાઓ વિશે જાણકારીનો પ્રસાર કરશે અને અસરગ્રસ્ત લોકોને એવી યોજનાઓ સાથે સાંકળશે જેથી તેઓને જરૂરી લાભ મળી શકે. આ કાનૂન અંગે અને સંભવિત ગેરકાયદેસર વ્યાપાર કરનારાઓ ધ્વારા ઉભા કરવામાં આવેલ ભયસ્થાનો અંગે જાગૃતિ ફેલાવવાનો પણ સમાવેશ કરશે. આ રીતે બાળકો અને કિશોર બાળકોને તેમને અપરિચિતો ધ્વારા મિત્ર બનાવવાના ભયસ્થાન અંગે જાગૃત કરી શકાય અને માતા પિતાને શહેરોમાં તેમના બાળકો માટે સારું શિક્ષણ આપવાના ખોટા વાયદાઓથી સાવધાન કરી શકાય. તે જ રીતે યુવાનોને નોકરીઓ અને વધુ સારા જીવનના ખોટા વાયદાઓ વિશે પણ ચેતવણી આપી શકાય.

રાજય કાનૂની સેવા સત્તા મંડળ / જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે પેનલ વકીલશ્રીઓ અને સામાજિક કાર્યકર્તાઓની એક ટીમ બનાવવી પડશે. પી.એલ.વી.નો ઉપયોગ અસરગ્રસ્ત સમુદાયો / પીડિત વર્ગને જુદી જુદી યોજનાઓ સુધી પહોંચાડે તે માટે સુનિશ્ચિત કરવો જોઈએ અને પી.એલ.વી. આવા લોકો માટે જરૂરી દસ્તાવેજી આધાર ઉભા કરશે અને પુરાવા મેળવશે. જયાં આવશ્યક હોય ત્યાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે પોતાના પી.એલ.વી. અને પોતાની કચેરીઓનો ઉપયોગ વહીવટી વડાઓ જેમ કે, જિલ્લા કલેકટરશ્રી અથવા મુખ્ય સચિવશ્રી સાથે યોજનાના અંતિમ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે વિચાર વિમર્શ માટે કરશે.